જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૨/૨૦૨૨ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૨/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૧	૧૧૭૩૯	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૧૮૧૧	૧૬૧	૮૧૯૭૨	૮૨૮૩૮	૧૫૮	૮૨૯૯૬
કુલ		૯૮૪૧૧	૧૬૨	૯૮૫૭૩	૧૦૭૩૭૧	૧૫૮	૧૦૭૫૨૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૩	૫,૧૭,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૫૪	૮,૫૪,૦૦૦/-

વાહનચોરીના આરોપીની અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશનઃ

પોકેટકોપ મોબાઇલ એપની મદદથી વાહન ચોરી કરનાર ઇસમને ઝડપી લેતી શાહપુર પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર સા. શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા ઇ.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તથા શરીર અને મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ પોકેટકોપ મોબાઇલ, CCTV કેમેરાના માધ્યમથી શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે આર.એચ.વાળા પોલીસ ઇન્સ્પેક્ટર શાહપુર પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. શ્રી એસ.આર.બલાત સર્વેલન્સ સ્કોર્ડ ટીમ સાથે રીઝ કોર્નર ખાતે વાહન ચેકીંગમાં હતા દરમ્યાન એક શંકાસ્પદ ઈસમ મો.સા. સાથે આવતા સાથેના અ.પો.કો. જયેશકુમાર જયરામભાઈ બ.નં.૯૬૧૯ તથા અ.પો.કો. વનરાજભાઈ ભરતભાઇ બ.નં.૧૧૯૬૭ નાઓની મદદથી સદરી ઈસમને પકડી નામઠામ પુછતા મોહમદ આરીફ ઉર્ફે કાલુ સ/ઓ શબ્બીરભાઈ બસીરભાઈ સિપાઈ ઉં.વ.૨૭ ધંધો-છુટક મજુરી રહે-દિવાન શાહ મસ્જીદની સામે છાપરામાં, જુલાઈવાડા, શાહપુર, અમદાવાદ શહેર નાનો હોવાનુ જણાવેલ. મજકુરના હવાલાની મો.સા. નં. GJ-01-EN-7400 ની માલીકી બાબતે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપતો ના હોય અને પોકેટ કોપ એપમાં ચેક કરતા વાહનની માલીકી બાબતે શંકા જતા મજકુરને વિશ્વાસમાં લઈ યુકતી પ્રયુકતીથી પુછપરછ કરતા પાંચેક માસ પહેલા ખાનપુર પારસકુંજ સોસાયટી પાસેથી આ મો.સા. ચોરી કરેલ હોવાનું જણાવતા સદરી ઇસમની વધુ પુછપરછ કરતા મજકુર ઈસમે પાંચેક માંસ પહેલા ખાડીયા આસ્ટોડીયા વિસ્તારમાંથી પણ અન્ય એક પેશન મો.સા. ચોરી કરેલ હોવાનું અને જે મો.સા. ગણેશ મેદાનની પાછળ શાહપુર ખાતે છુપાવેલ હોવાનું જણાવતા તેને સાથે રાખી તપાસ કરતા લાલ કલરની પેશન મો.સા. GJ-01-JD-3059 નાની મળી આવેલ જેની આશરે કિ. રૂ.૨૦,૦૦૦/- ગણી તથા મો.સા. નં. GJ-01-EN-7400 જેની આશરે કિ.રૂ.૧૫,૦૦૦/- ગણી શકાય તે બંને મો.સા. પંચનામા વિગતે સી.આર.પી.સી. ક.૧૦૨ મુજબ કબ્જે કરી સદરી ઇસમને સી.આર.પી.સી. ક.૪૧(૧)(ડી) મુજબ અટક કરી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આમ શાહપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડની ટીમ દ્વારા ચોર ઇસમને પકડી પાડી બે વાહન ચોરીના ગુના શોધી કાઢી ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૦૨/૦૨/૨૦૨૨

સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

(૧) શ્રી આર.એચ.વાળા સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર માર્ગદર્શન અને સુચના

(૨) પો.સ.ઈ. શ્રી એસ.આર.બલાત

(૩) મ.સ.ઈ. રણજીતસિંહ તખતસિંહ (૪) મ.સ.ઈ ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ (૫) અ.હે.કો નૌશાદઅલી ઉસ્માનમીયા (૬) પો.કો. જયેશકુમાર જયરામભાઈ (૭) પો.કો. વનરાજ ભરતભાઇ (૮) પો.કો. અક્ષયકુમાર દશરથલાલ (૯) પો.કો વિજયકુમાર બાબુલાલ (૧૦) પો.કો. પ્રીયવદન મનુભાઈ (૧૧) પો.કો. કૃષ્ણસિંહ ભરતસિંહ (૧૨) પો.કો કિરણસિંહ પ્રવીણસિંહ (૧૩) પો.કો પ્રવીણસિંહ દેવેંદ્રસિંહ (૧૪) પો.કો યુનુસખાન મુનાવરખાન (૧૫) પો.કો. ગીરીશકુમાર પુંજાલાલ (૧૬) પો.કો જીગ્નેશભાઈ ભવાનભાઈ (૧૭) પો.કો. ઈશ્વરભાઈ માલસુરભાઈ

આરોપીઓએ કબુલાત કરેલ ગુનાઓ :-

(૧) શાહપુર પો. સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૩૨૨૦૧૨૩/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૨) ખાડીયા પો. સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૫૨૧૧૧૩૫/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

આરોપીની વિગત

મોહમદ આરીફ ઉર્ફે કાલુ સ/ઓ શબ્બીરભાઈ બસીરભાઈ સિપાઈ
ઉં.વ.૨૭ ધંધો-છુટક મજુરી રહે-દિવાન શાહ મસ્જીદની સામે છાપરામાં, જુલાઈવાડા, શાહપુર, અમદાવાદ શહેર

આરોપી નો ગુનાહીત ઈતીહાસ :-

(૧) મણીનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૦૧૧૫/૨૦૧૫ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯,૧૧૪ મુજબ
(૨) શાહપુર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૫૭/૨૦૧૬ ધી ઈ.પી.કો કલમ- ૩૭૯ મુજબ
(૩) મણીનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૯૨/૨૦૧૬ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯,૩૫૬, ૧૧૪ મુજબ
(૪) કારંજ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૭૩/૨૦૧૬ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબ.
(૫) સરખેજ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૮૭/૨૦૧૬ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબ
(૬) કાગડાપીઠ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૧૦૮/૨૦૧૬ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯,૩૫૬, ૧૧૪ મુજબ
(૭) કાલુપુર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૯૨/૨૦૧૬ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબ
(૮) શાહપુર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૭૫/૨૦૧૬ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબ
(૯) મણીનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૯૨/૨૦૧૬ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯,૩૫૬, ૧૧૪ મુજબ
(૧૦) કારંજ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૧૮/૨૦૧૭ ધી ઈ.પી.કો. કલમ-૩૯૨, ૧૧૪ મુજબ
(૧૧) માધવપુરા પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૪૭/૨૦૧૭ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯, ૧૧૪ મુજબ
(૧૨) શાહપુર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૩૪/૨૦૧૭ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબ.
(૧૩) માધવપુરા પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૨૪/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબ
(૧૪) ઈસનપુર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૦૩૬/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ-૩૯૨,૩૨૩, ૧૧૪ મુજબ
(૧૫) ગાયકવાડ હવેલી ફસ્ટ ૦૧૩૬/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ.
(૧૬) કાલુપુર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૭૨/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબ
(૧૭) કારંજ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૧૦૫૮/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯(એ)(૩),૩૪
(૧૮) શાહપુર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૦૪૬/૨૦૨૧ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :-

ત્રણ વર્ષથી પાસા હેઠળ નાસતા ફરતા વોન્ટેડ આરોપીને અટક કરવામાં આવેલ.

આરોપી:-

જગદીશચંદ્ર મેઘરાજ કુમાવત ઉ.વ.૩૪ રહે. મ.નં.૧૭૬, કૃષ્ણનગર સોસા. વિરબાબા સોસા. પાસે ચાંદલોડીયા અમદાવાદ શહેર

આરોપીનો પુર્વ ઇતીહાસ:-

(૧) સોલા હા.પો.સ્ટેશન ફ.ગુ.ર.નં. ૭૩/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૨) સોલા હા.પો.સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૬૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૪૧૩, ૧૧૪ મુજબ

પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબના માર્ગદર્શન તેમજ આર.વી.અસારી સાહેબ (એડી.સીપી સેકટર-1), ડો.શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ (ડીસીપી ઝોન-1),શ્રી એ.એમ.પટેલ (એસીપી શ્રી A ડિવિઝન) નાઓના સુપરવિઝન હેઠળ જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટરનાઓ તથા પો.સ.ઈ. જે.જે.રાણા તથા અનાર્મ હેડ કોન્સ. હિતેન્દ્રસિંહ ફતેસિંહ બ.નં.૪૦૮૭ લોકરક્ષક શૈલેષભાઇ ઇશ્વરભાઇ બ.નં.૧૨૦૮૪ તથા સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો કામગીરીમાં જોડાયેલા હતા.

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૮૨ લીટર દેશી દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૫/૨૦૨૨**

રખિયાલઃ કિશોરભાઇ મુળચંદ શાહ (ઉ.વ.૫૦)(રહે.શિલાલેખ શાહીબાગ પોલીસ સ્ટેડીયમ સામે શાહીબાગ) એ તા.૦૨/૦૨/૨૦૨૨ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ દુકાન નંબર એ/૫૮ સુવન બિઝનેશ પાર્ક, સોમા ટેક્ષટાઈલ મીલ કમ્પાઉન્ડ કેવલકાંટા રખિયાલ રોડ, "શાશ્વત સ્ટીલસ એન્ડ એન્જીનિયરીંગ કું" ખાતે આરોપી (૧) નિખિલ રમેશભાઈ મિસ્ત્રી (સમર્થ ઈન્ડસ્ટ્રીઝ પ્રોપરાઈટર)(રહે,પુનિતનગર સોસાયટી વિભાગ-૩ વાઘોડિયા રોડ, વડોદરા શહેર) (૨)રણજીતભાઈ મકવાણા (ગંગા ઈન્ડસ્ટ્રીઝ પ્રોપરાઈટર)(રહે.મકરપુરા જી.આઈ.ડી.સી.ટેમ્પો ચોકડી પાસે, મકરપુરા, વડોદરા) (૩)વિશાલ દીનેશચંદ્ર મહેતા (બ્લોસમ ઈન્ડસ્ટ્રીઝ પ્રોપરાઈટર) (રહે.સર્વોદય એસ્ટેટ બાયપાસ રોડ, વાઘોડિયા રોડ જી.વડોદરા) (૪) હુસેનભાઈ બોહરા(રોયલ ટુલ એન્ડ હાર્ડવેર પ્રોપરાઈટર) (રહે.ગ્રાઉન્ડ ફ્લોર નં.૦૫ નીલકંઠ કોમ્પલેક્ષ જી.આઈ.ડી.સી. રોડ, હાલોલ જી.વડોદરા (૫) હિતેશ પરમાર (બ્લોસમ ઈન્ડસ્ટ્રીઝના મેનેજર) તથા રોયલ ટુલ એન્ડ હાર્ડવેર ના એજન્ટ (૬) દેવાંગ ઉર્ફે દિપક રમેશભાઈ પટેલ (ગંગા ઈન્ડસ્ટ્રીઝના મેનેજર) (રહે.પાટીદાર કોમ્પલેક્ષ વ્રજધામ રોડ, માંજલપુર, વડોદરા શહેર) એ ભેગામળી અલગ-અલગ પોતાની કંપની બનાવી GST વિભાગમાં રહેણાંક ઘરને ધંધાકીય સ્થળ તરીકે બતાવી તથા અન્ય વ્યક્તિઓના માલિકી ના મકાન/જગ્યામાં પોતાની કંપની ચાલતી હોવાની ખોટી માહીતી આધારે GST વિભાગમાંથી પોતાની કંપનીના નામે GST નંબર મેળવી આ GST નંબર નો ઉપયોગ કરી કિશોરભાઇનો વિશ્વાસ અને ભરોસો કેળવી રખિયાલ ખાતે આવેલ તેમની "શાશ્વત સ્ટીલ એન્ડ કુ." નામની દુકાનેથી કુલ રૂપિયા ૧,૧૬,૫૯,૭૮૫/- નો સ્ટેઇનલેશ સ્ટીલની શીટસ તથા રાઉન્ડ બારના માલના કુલ રૂપિયા ૪૫,૫૧,૫૦૦/-ચુકવી આપી, માલના બાકી લેણા રૂપિયા ૭૧,૦૮,૨૮૫/- આજદિન સુધી નહિ ચુકવી કિશોરભાઇ સાથે છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.નિનામા ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ નિધીબહેન ઘનશ્યામભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૨)(રહે,હર્ષનગર સોસાયટી, ડી-કેબીન, સાબરમતી) એ તા.૦૨/૦૨/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ફેબ્રુઆરી/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી જ્યોતીષ કિશન અધીકારી ઉર્ફે પવન શર્મા (રહે. જયપુર, રાજસ્થાન) (૨) ઇન્ટાગ્રામ આઇ.ડી. swadhinta29oc_ ધારક કિરણ રાજપુત (રહે. જયપુર) અને (૩)પાર્થ ઉર્ફે કબીર પારધી (રહે.રાજપીપળા, નર્મદા) એ વકિલ તરીકેની ઓળખ આપી, તમામે ભેગામળી નિધીબહેનનું ધારેલ કામ તાંત્રીક વિધાથી કરાવી આપવાનો તેમજ આરોપી વિરૂધ્ધ એફ.આઇ.આર. નોંધાવવા સારૂ નિધીબહેનને વિશ્વાસમાં લઇ નિધીબહેન પાસેથી આજદિન સુધીમાં કુલ રૂપિયા ૩,૮૬,૯૦૦/- મેળવી લઇ છેતરપીંડી કરી હતી.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે

<u>ચોરીઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૨૬/૨૦૨૨</u>**

ઇસનપુરઃ મહેશભાઇ મણીલાલ કામોઠી (ઉ.વ.૫૬)(રહે.રાધીકા બંગલોઝ કેડીલાબ્રિજ પાસે ઘોડાસર) એ તા.૦૨/૦૨/૨૦૨૨ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૧/૨૦૨૨ ના કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે મોની હોટલથી આગળ ફર્નીચરની ફેક્ટરીઓ સામે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષે મહેશભાઇ ની ફોર વ્હીલમાંથી ઓઇલ નીકળે છે તેમ કહી ફોર વ્હીલર ઉભી રખાવી, મહેશભાઇની નજર ચુકવી ડ્રાઇવર સીટની બાજુની સીટ ઉપર મુકેલ લેધરની બેગ કે જેમાં રોકડ રૂપિયા ૭૮,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો મુકેલ હતા તે બેગ ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ</u> **<u>સમાચાર યાદી નં.૨૨૭/૨૦૨૨</u>**

"એમ" ડીવીઝન ટ્રાફીક પો.સ્ટે.:- ઉત્તરપ્રદેશ જી.ગાજીપુર તા.સયદપુર ગામઃ બહુરા ખાતે રહેતા અને અમદાવાદ ખાતે સેન્ટીંગનું કામ કરતા અમરજીત કીશોરીરામ (ઉ.વ.૩૫) નાઓ તા.૦૨/૦૨/૨૦૨૨ ના કલાક ૮/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે એસ.પી.રીંગ રોડ સીલજ થી બોપલ તરફ જતા વકીલ સાહેબ બ્રીજ ચડતા રૂટ કેફે ની સામે રોડ ક્રોસ કરતા હતા ત્યારે એક અજાણ્યા વાહન ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી અમરજીત ને ટક્કર મારતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ અમરજીત ના મિત્ર માતીમકુમાર શ્રીસલચંદ જયસ્વાલ (રહે.આર.વર્લ્ડ સિનેમાની અંદર આવેલ સિક્યોરીટીના રૂમમાં જમીયતપુરા અડાલજ ચોકડી) એ "એમ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇન્સ.શ્રી એન.એસ.કટકડી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૮/૨૦૨૨**

રીવરફ્રન્ટ ઇસ્ટઃ મહેશભાઇ વિનુભાઇ વાઘેલા (ઉ.વ.૩૮)(રહે.જ્યુપીટરમીલ કંમ્પાઉન્ડ ટી.પી.બેચ આવાસ યોજના માધુપુરા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૨/૨૦૨૨ ના કલાક ૧૦/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે માસ્તર કોલોની ત્રણ રસ્તા રીવરફ્રન્ટ વોક વે ઘાટ નંબર-૭ નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ મફતાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.